# સ્વર્ગઃ પ્રકાશ ઈત્યાહુઃ નરકં તમ એવ ચ ।
# સત્યાનૃતં તદુભયં પ્રાપ્યતે જગતી ચરૈઃ ।।

પ્રકાશ-જ્ઞાન એ જ સ્વર્ગ છે અને અંધકાર અજ્ઞાન એ જ નરક છે એમ કહેવામાં આવ્યું છે.
મનુષ્યને સત્ય અને અસત્ય આચરણ દ્વારા પોતાના કર્માનુસાર શુભ અને અશુભ બંને પ્રકારનાં ફળો મળતાં હોય છે.

આપણને જો એવું પૂછવામાં આવે કે થોડું જ્ઞાન ઓછું મળે અને એના બદલામાં થોડું સુખ વધુ મળે તો એ બેમાંથી આપણે શું પસંદ કરીશું ?
આપણામાંના મોટા ભાગના લોકો સુખને પસંદ કરશે. જ્ઞાન થોડું ઓછું હશે તો ચાલશે.
આ સવાલ આપણા યુગના મહાન વિચારક બર્ટ્રાન રસેલને પૂછવામાં આવ્યો ત્યારે એનો સ્પષ્ટ જવાબ આપતાં તેમણે કહ્યું હતું કે,

## જ્ઞાનના ભોગે કશું જ ન ખપે. એના બદલામાં વધુ સુખ મળતું હોય તો એવું સુખ મારે ન જોઈએ.

તેમના જવાબમાં સચ્ચાઈનો રણકો હતો. જ્ઞાન, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન એમના પ્રિય વિષયો હતા.

જ્ઞાન અને વિજ્ઞાન આપણે જે જગતમાં રહીએ છીએ તેનો વધુ પરિચય મેળવવામાં આપણને ઉપયોગી થાય છે.
જ્યારે તત્વજ્ઞાન આપણે જેના વિશે નથી જાણતા એવા અજ્ઞાતના વિશે જાણવાના પ્રયત્નમાં આપણને મદદરૂપ બને છે. આવું જ્ઞાન અને વિજ્ઞાન એ જ સ્વર્ગનું પ્રવેશદ્વાર છે.

આપણી પરંપરામાં સ્વર્ગની અનેક સોહામણી અને નર્કની બિહામણી કલ્પનાઓ કરવામાં આવેલ છે. અહીં માત્ર બે જ શબ્દો **પ્રકાશ અને અંધકાર** દ્વારા સ્વર્ગ અને નર્કની પરિભાષા આપવામાં આવી છે.

જ્ઞાનરૂપી પ્રકાશ એ જ સાચું સ્વર્ગ છે અને અંધકારરૂપી અજ્ઞાન એને જ નર્ક કહેવામાં આવ્યું છે.આ સ્વર્ગ અને નરક આપણને આપણા કર્માનુસાર મળતાં હોય છે.

સત્યમય આચરણ એ સ્વર્ગનું પ્રવેશદ્વાર છે અને અસત્ય કે અનીતિમય આચરણ દ્વારા નર્કની પ્રાપ્તિ થતી હોય છે.

આ બેમાંથી પસંદગી કરવાની પૂરેપૂરી સ્વતંત્રતા આપણને એકસમાન રીતે મળેલી છે. પ્રકાશ કે અંધકાર, સ્વર્ગ કે નર્ક, સત્ય કે અસત્ય એમાંથી આપણે શું જોઈએ છે? તે આપણે જ પસંદ કરવાનું છે.
આપણી પસંદગી જે પ્રમાણેની હશે તે પ્રમાણેનું વાતાવરણ આપણી આસપાસ ઊભું થઈ જશે. એટલા માટે જ પસંદગીની બાબતમાં ખૂબ જ સાવધાન રહેવાની જરૂર છે.